# ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ

## પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડ

PGVCL

રજી. અને કોર્પોરેટ ઓફિસ, નાના મવા મેઇન રોડ, લક્ષ્મીનગર, રાજકોટ ૩૬૦ ૦૦૪

CIN: U40102GJ2003SGC042908;

ફોન નંબર : (૦૨૮૧) ૨૩૮૦૪૨૫, ૨૩૮૦૪૨૭; ફેક્સ : ૨૩૮૦૪૨૮;

ઈ-મેલ : forum.pgvcl@gebmail.com; વેબસાઈટ : www.pgvcl.com


પીજીવીસીએલ/સીજીઆરએફ/૫૭/ક્વા-૦૪/૨૦૧૮-૧૯/ 3080-7 તારીખ : 01-05-19

રજી. એડી. પત્ર

પ્રતિ,

જય નયનભાઈ ત્રિવેદી

જીવન વિહાર સોસાઈટી, બ્લોક નં-૫, "કમલ નયન" મહિલા કોલેજ પછળ - રાજકોટ .

મું. પો. : જય નયનભાઈ ત્રિવેદી, તા. : રાજકોટ , જી. : રાજકોટ,

વિષય : ટેમ્પરરી જોડાણ ના રીફંડ બાબત.

સંદર્ભ: આપશ્રીની રજુઆત તા. ૨૧-૦૨-૨૦૧૯.

( અત્રેના ફોરમની નોંધણી નંબર : ૫૭/ક્વા-૦૪/૨૦૧૮-૧૯ )

મહોદયશ્રી,

આપશ્રીની ઉપરોક્ત વિષય અને સંદર્ભ મુજબની અરજી અન્વયે, અત્રેના ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્રની ફોરમ કમીટી તરફથી કરાયેલ નિર્ણય આ સાથે આપશ્રીને મોકલવામાં આવે છે.

જે આપશ્રીને સુવિદિત થાય. આપના સહકાર સહ, આભાર સહ.

આપનો વિશ્વાસુ,

( સી. જે. ગજેરા )

કા.વા કન્વીનર

ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ.

પ.ગુ.વી.કં.લી., રાજકોટ

6D.

બિડાણ : ઉપર મુજબ.

નકલ સાદર રવાના :

(૧) અધિક્ષક ઈજનેરશ્રી, પ.ગુ.વી.કં.લી., વર્તુળ કચેરી, રાજકોટ શહેર.

(૨) કાર્યપાલક ઈજનેરશ્રી, પ.ગુ.વી.કં.લી., પેટા વિભાગીય કચેરી, રાજકોટ શહેર-૩.
સદર નિર્ણયપત્રની નકલ આપશ્રીને આ સાથે મોકલવામાં આવે છે. જેની તમામ વિગતો અભ્યાસે લઈ અને નામદાર ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ ( ગ્રાહક તકરાર નિવારણ ફોરમ અને લોકપાલ ) વિનિયમો-૨૦૧૧, જાહેરનામા નં.- ૦૨/૨૦૧૧ ની વિનિયમ નં.- ૨.૫૨ અનુસાર, સદર હુકમના પાલન અંગે થયેલ કાર્યવાહીનો અહેવાલ અત્રેની ફોરમ કચેરીને અચૂક મોકલી આપવા વિનંતી.

(૩) નાયબ ઈજનેરશ્રી, પ.ગુ.વી.કં.લી., પેટા વિભાગીય કચેરી, માધાપર રાજકોટ શહેર.

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Rajkot

Consumer Grievance Red P.G.V.C.L. Rajkot

# ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ, રાજકોટ

પીજીવીસીએલ, રજી. અને કોર્પોરેટ કચેરી,લક્ષ્મીનગર નાનામૌવા રોડ, રાજકોટ
CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com
**E-Mail- forum.pgvcl@gebmail.com**

**પીજીવીસીએલ/સીજીઆરએફ/૫૭/કવા–૦૪/૧૮–૧૯/** 3080-7 તા. 1-5-19.

૨૦૦3 ના ભારતીય વીજળી અધિનિયમની કલમ ૪૨ (૫) તેમજ ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) વિનિયમો ૨૦૧૧ જાહેરનામા નં. ૨/૨૦૧૧ હેઠળ રચાયેલ ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ (CGRF)પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડ,રાજકોટના ચેરમેન સમક્ષ નોંધાયેલ ફરીયાદ.

No.PG- ૫૭/કવા–૦૪/૧૮–૧૯

| | |
|---|---|
| **અરજદાર:** | જય નયનભાઈ ત્રીવેદી ગામ: રાજકોટ |
| **રજૂઆત કરનાર:** | અરજદાર જય નયનભાઈ ત્રીવેદી અને અરજદાર ના પિતાશ્રી નયનભાઈ વી. ત્રીવેદી હાજર રહેલ છે. |

## :: વિરુધ્ધ ::

| | |
|---|---|
| **સામાવાળા:** | કાર્યક્ષેત્ર : પીજીવીસીએલ –શહેર વિભાગીય કચેરી નં ૩ રાજકોટ |
| **રજૂઆત કરનાર:** | (૧) એસ.જી.સોજીત્રા – નાયબ ઈજનેર (ટેક) – શહેર વિભાગીય કચેરી નં ૩ રાજકોટ<br>(૨) એસ.એ.વ્યાસ– જુ.આસી. શહેર વિભાગીય કચેરી નં ૩ – રાજકોટ |

## :: ફોરમ ::

(૧) કા.વા. ચેરપર્સન – શ્રી જે.બી.પારેખ
(૨) મેમ્બર સ્વતંત્ર – કોકિલાબેન જે. મોટાણી

| | |
|---|---|
| **સુનાવણી સ્થળ:** | કોન્ફરન્સ હોલ, પીજીવીસીએલ, શહેર વર્તુળ કચેરી – રાજકોટ |
| **તારીખ:** | ૧૬–૦૪–૨૦૧૯ |

૧.૦ સદર કેઈસ ની સુનાવણી તા.૧૬–૦૪–૨૦૧૯ ના રોજ રાખવામા આવેલ હતી.

## :: અરજદારની રજૂઆત ::

૨.૦ અરજદાર જય નયનભાઈ ત્રીવેદી ગામ: રાજકોટ તેઓની અરજી ના નોંધણી નંબર : ૫૭/કવા–૦૪/૧૮–૧૯ મા જણાવે છે કે, તેઓએ બાંધકામ ના હેતુ માટે ટેમ્પરરી વીજજોડાણ રૂ.૨૦,૦૦૦/– ભરપાઈ કરીને લીધેલ હતુ. બાંધકામ પૂર્ણ થતા મીટર રદબાતલ કરાવ્યા બાદ – રીફંડ માટે માહે જુલાઈ–૧૮ મા અરજી કરેલ હતી.

૨.૧ ઉપરોક્ત બાબતે – રીફંડ માહે ડિસેમ્બર–૧૮ મા રૂ.૧૮,૮૪૧ /– મળેલ છે. જે અન્વયે ફાઈનલ બીલ ની નકલ આપવા સામાવાળા ને રજુઆત કરેલ. જે નકલ મળેલ તે મુજબ ૧૫% લાયાબીલીટી ચાર્જ પેટે બીન જરૂરી કાપેલ છે. સપ્લાય કોડ તા.૧૯–૦૫–૧૬ ના પેરા નં.– ૪.૫૬ મુજબ સદર ચાર્જ લઈ શકાય નહી. જેની રજુઆત શહેર વિભાગીય કચેરી નં.–૩ મા પૂરાવા સાથે કરેલ – પરંતુ, કોઈ જ જવાબ મળેલ નથી. આમ, અંદાજે ૦૫ માસ થયેલ હોય – સપ્લાય કોડ મા દર્શાવ્યા મુજબ – ૬૦ દિવસ કરતા વધુ સમય થયેલ હોય – વિલંબીત ચુકવણી સરચાર્જ ની સમતુલ્ય દરે – વ્યાજ ચુકવવા માટે – અરજદારે અત્રેના ફોરમ સમક્ષ ન્યાયિક રજુઆત કરેલ છે.

# :: પી.જી.વી.સી.એલ.ની રજૂઆત ::

3.0 અરજદાર રજુઆત અન્વયે, પીજીવીસીએલ પક્ષકાર તરફથી જણાવાયેલ કે, માધાપર સબડીવીઝન ના ટેમ્પરરી કનેક્શન નં-૧૯૧૪ જય નયનભાઈ ત્રિવેદી દ્વારા ટેમ્પરરી જોડાણ ના રીફંડ બાબત ફોરમ સમક્ષ ફરિયાદ કરેલ છે.

3.૧ GERC ના નોટીફીકેશન નં. ૯ તા. ૩૧-૦૩-૨૦૦૫ મુજબ સુપરવિઝન ચાર્જ તેમજ સપ્લાય કોડ તા. ૧૯-૦૫-૧૬ નાં મુદ્દા નં. ૪.૫૬ મુજબ ડેપ્રીસીયેશન ચાર્જ બંને ચાર્જ લેવાપાત્ર છે. તેમજ ડીપોઝીટ રીફંડ માં મોડુ થવા બાબતે જણાવવાનું કે ઉપરોકત કેસ પેપર્સ અત્રેની કચેરીમાં તા. ૨૮.૦૮.૧૮ નાં રોજ મળેલ જે કેસ ચેક કરતા તેમાં ક્ષતિઓ હોવાથી માધાપર કચેરી માં ટેલીફોનીક વાત કરેલ પરંતુ ક્ષતિઓ સોલ્વ ના થતા આ કેસ ને તા. ૧૭-૧૦-૧૮ થી પરત કરેલ તથા આ કેસ માં ગ્રાહક શ્રી દ્વારા અમુક ચાર્જ બાબતે વાંધો લેવામાં આવેલ જે લેવાપાત્ર છે તે અંગે ગ્રાહક શ્રી દ્વારા અવાર નવાર અત્રેની કચેરી માં તથા માધાપર પેટા વિભાગીય કચેરી માં ટેલીફોનીક વાત અને રૂબરૂ મળેલ હતા આ બાબત માં સમય પસાર થયેલ અને કેસ અંગેની કાર્યવાહી આગળ વધેલ નહિં તથા આ બાબતે ઉપરોકત કેસને ૩ થી ૪ વખત સબ ડીવિઝન મા પરત કરવામાં આવેલ અને છેલ્લે ઉપરોકત કેસ તા. ૦૫-૧૨-૧૮ નાં રોજ અત્રેની કચેરીને મળેલ જેને ફાઈનલ કરી તા. ૧૭-૧૨-૧૮ , ચેક નં. ૮૪૨૮૮૫ થી અરજદારને ચેક આપેલ છે આમ અત્રે થી સમય મર્યાદા મા કેસ ફાઈનલ થયેલ છે. અને સદર બાબત ની જાણ ગ્રાહકશ્રી ને પત્રનં - આર.સી.ડી.[illegible]વ/ટેમ્પરરી/૪૪૬ તા.૧૮.૦૧.૨૦૧૯ થી કરેલ છે.

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Rajkot

## :: હુકમ ::

૪.૦ અરજદારે કરેલ લેખીત રજુઆત તથા સામાવાળાની રજુઆત અને રજુ કરાયેલ દસ્તાવેજી પુરાવાઓના આધારે ફોરમ કમિટી તરફથી નીચે મુજબ નો નિર્ણય કરાયેલ છે.

૪.૧ અરજદાર ની રજુઆત ના મુદદા નં.૨.૦ અને ૨.૧ અને પીજીવીસીએલ મુજબ ની વિગતે- નામદાર જીઈઆરસી ના ધારાધોરણ- એટલેકે નોટીફિકેશન નંબર: ૦૯/૨૦૦૫ ના પ્રકરણ ૭ ના મુદદા નં.૧૧ મા કરાયેલ જોગવાઈ મુજબ – " Service lines for temporary supplies shall be laid by the Distribution Licensee wherever possible and the actual cost incurred in laying and removing such service lines after giving due credit for the materials received back; on the basis of the condition of the same and the labour employed plus ***15 percent supervision charges on the cost of materials and labour*** employed shall be paid by the Consumer. No interest will be paid on deposits lodged against the cost of Service Line or bills for temporary Supply, as the account is of temporary nature. "

૪.૨ નામદાર જીઈઆરસી ના ધારાધોરણ- એટલેકે નોટીફિકેશન નંબર: ૦૪/૨૦૧૫ ના મુદદા નં. ૧.૧૫ મા કરાયેલ જોગવાઈ મુજબ "The provisions of the Supply Code shall be read in conjunction with regulations made under GERC (Standard of Performance of Distribution Licensee) Regulations.2005, as amended from time to time, GERC (Licensee's Power to Recover Expenditure incurred in providing supply and other Miscellaneous Charges) Regulations, 2005, as amended from time to time, GERC (Security Deposit) Regulations.2005, as amended from time to time and other relevant regulations and codes notified by GERC. "

૪.3 નામદાર જીઈઆરસી ના ધારાધોરણ- એટલેકે નોટીફિકેશન નંબર: ૦૪/૨૦૧૫ ના મુદદા નં. ૪.૫૬ મા કરાયેલ જોગવાઈ મુજબ " After the period of temporary supply is over and supply has been disconnected, the licensee shall prepare the final bill on the basis of actual consumption. Deposit amount, after adjusting unpaid dues, and after deducting material (meter, transformer, isolator etc) charges at the rate of 1% every month and actual cost incurred for erection and dismantling charges, which shall not be more than 100% of the material cost, shall be refunded by the licensee. Refund of these securities shall be made within 60 days from the date of disconnection, failing which the licensee shall be liable to pay interest at a rate equivalent to the late payment surcharge as per the prevailing Tariff Order issued by the Commission"

૪.૪ ઉપરોકત બાબતે પીજીવીસીએલ દ્રારા નામદાર જીઈઆરસી ના નોટીફિકેશન ઉપરોકત મુદ્દા નં.૪.૧.૪.૨ અને ૪.૩ પ્રમાણે અરજદાર ના ટેમ્પરરી વીજજોડાણ ના ફાઈનલ બીલમાં પ્રવર્તમાન નિયમ મુજબ સુપરવિઝન ચાર્જ ૧૫ તથા પ્રતિ માસીક **૧%** ચાર્જ લેવાયેલ છે. જે જીઈઆરસી ના નિયમ ને સુસંગત છે. વધુમાં સદર બાબતે - પીજીવીસીએલ ની નિગમીત કચેરી - રાજકોટ ના પત્ર નં.- પીજીવીસીએલ . રજી. સેલ ૧૦૪૬૧ તા.૧૭-૧૧-૧૬ મુજબ - પીજીવીસીએલ પક્ષકાર દ્રારા કરાયેલ કાર્યવાહી નિયમાધીન હોય - જેથી, આવા સંજોગોમાં સુપરવિઝન ચાર્જ માં ફેરફાર કરવાની અરજદાર ની અરજી ને ગ્રાહય રાખી શકાય નહી. જેથી, અરજદાર ની અરજી રદબાતલ કરવામા આવે છે.

૪.૫ અરજદારની ફરિયાદનો આ તબક્કે નિકાલ કરવામાં આવે છે.

(શ્રીમતી કે. જે. મોટાણી)
સભ્ય (સ્વતંત્ર)

(જે.બી.પારેખ)
ચેરપર્સન

નોંધ:

(૧) અરજદાર સદરહુકમથી નારાજ હોય તો સદર હુકમ મળ્યાની તારીખથી દિન ૩૦ માં વિદ્યુત લોકપાલમાં રજૂઆત કરી શકે છે. આ સાથે વિદ્યુત લોકપાલમાં રજૂઆત કરવાની પધ્ધતિ સામેલ છે.

(૨) ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) વિનિયમો' ૨૦૧૧ જાહેરનામા નં.૨/૨૦૧૧ ની કલમ ૩.૧૭ મુજબની બધી શરતો સંતોષવામાં આવેલ હશે તો જ તેવી રજૂઆત લોકપાલ સ્વીકારશે. કલમ ૩.૧૭ (૮) મુજબ ફરિયાદીએ જરૂરી હોય તો ફોરમના હુકમના સંદર્ભમાં પરવાનેદાર પાસે એક તૃતીયાંશ રકમ જમા કરાવી હોય અને કરેલ ચૂકવણીની સાબિતી રજૂ કરી હોય, તો જ તેવી રજૂઆત લોકપાલ સ્વીકારશે.

(3) લોકપાલ નું સરનામું: વિદ્યુત લોકપાલની કચેરી, બ્લોક નં. 3, પોલીટેકનીક કમ્પાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ-૩૮૦૦૧૫. ફોન નં. (૦૭૯) ૨૬૩૦૨૬૮૯